# બેફામ ભાગતા ડમ્પરોથી થતા અકસ્માતો અટકાવવા તાકીદની બેઠક

## ગતિ નિયંત્રણથી માંડીને ટ્રાફીકના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા ડમ્પર માલિકોને બેઠકમાં સુચના અપાશે

ગાંધીનગર, તા.૨૩

નેશનલ હાઈવે ઉપરાંત શહેરના માર્ગો પર પણ રાત્રીના અરસામાં બેફામ ગતિએ ફરતાં ડમ્પરચાલકોથી સર્જાતા અકસ્માતમાં સંખ્યાબંધ વાહનચાલકોનો ભોગ લેવાય છે. ત્યારે ગત રાત્રિએ મગોડી નજીક સર્જાયેલા વધુ એક અકસ્માતમાં એએસઆઈ સહીત ત્રણના મૃત્યુ બાદ ડમ્પરચાલકોને નિયંત્રણમાં લેવા ડમ્પરના માલિકો સાથે આવતીકાલે એસ.પી. કચેરી ખાતે તાકીદની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડમ્પર માલિકોને ગતિ નિયંત્રણ સહીત ટ્રાફીકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને ડ્રાઈવર સાથે પાલન કરાવવા ખાસ સુચના આપી દેવામાં આવશે.

જિલ્લામાં ડમ્પર ચાલકોએ અકસ્માતોની વણઝાર શરૂ કરી દઈને કેર વર્તાવી દીધો છે ત્યારે ડમ્પર ચાલકોને કાબુમાં રાખવા માટે આવતી કાલે તા.૨૪ અને તા.૩૧ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યાના સુમારે ગાંધીનગર એસ.પી. ઓફીસ ખાતે તમામ ડમ્પર માલિકોની બેઠક રાખવામાં આવી છે. ડમ્પર ચાલકોને ફેરા દીઠ રૂપિયા મળતા હોવાથી ડમ્પર ચાલકો વધુ ફેરા મારી લેવાની લાલચમાં ડમ્પરની ગતિ બમણી કરી દેતા હોવાનું ધ્યાને આવ્યું છે તે ઉપરાંત ડમ્પર ચાલકો તેની પાસે રહેતા કલીનરને રાત્રિના સુમારે ડમ્પર શીખવાડવા માટે સોંપી દેતા હોવાનું તથા ટ્રાફીકના નિયમોનું પાલન કરવામાં આવતું ન હોવાના સહીતના કારણોસર ડમ્પરના અકસ્માતોનું પ્રમાણ વધી જવા પામ્યું છે. આ અકસ્માતોને નિયત્રણમાં લેવાના હેતુસર ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા ડમ્પર માલિકો સાથે તાકીદની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગતિ મર્યાદા, રીફલેકટર્સ, હેડ લાઈટ, રેતી ભરેલી ડમ્પરમાં તાડપત્રી ઢાંકવા સહીતની બાબતો ઉપરાંત ડમ્પરની ચારેય તરફ નિયમ મુજબ નંબર પ્લેટ લગાડવા અને જરુરી મેઈન્ટેનન્સ થાય છે કે કેમ તે તમામ બાબતોને ધ્યાને રાખી ટ્રાફીકના નિયમોનું ચુસ્ત પણે પાલન કરવા ડમ્પર ચાલકોને સુચના આપવામાં આવશે. તેમ છતાંય નિયમોનું ઉલ્લંઘન થશે તો કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### કોમ્બીંગ નાઈટમાં ઓવરલોડેડ ૨૩ ડમ્પર જપ્ત એક પીધેલી હાલતમાં ડમ્પર ચલાવતા ઝડપાયો


ગાંધીનગર-દહેગામ રોડ પર સર્જાયેલા બે ડમ્પર વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં ૩નાં મૃત્યુની ઘટનાને ગંભીરતાથી લઈને જિલ્લા ટ્રાફિક પોલિસ દ્વારા ગઈ કાલે જ કોમ્બીંગ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સે-૩૦ સર્કલ પાસેથી ટ્રાફીક પોલીસે બેફામ ગતિને જતાં ઓવર લોડ ૨૩ ડમ્પરોને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી તે ઉપરાંત દારુ પીધેલી હાલતમાં ડમ્પર ચલાવતો એક શખ્સ પણ ઝડપાઈ જતાં તેનું ડમ્પર કબ્જે લઈ તેની ધરપકડ કરી સે-૨૧ પોલીસને સોંપવામાં આવ્યો છે.

## માણસ મોઢામાં સુગર અને માથે આઈસ ફેકટરી રાખે તો બધું બલ્લે બલ્લે

### એ.સી.માં રહે છે પણ દિમાગમાં હીટર ફરે છે, થર્મોસ જેવા માણસે સ્વભાવ સરળ બનાવવો જોઈએ : પૂ. તરૂણસાગર મહારાજ સાહેબ

ગાંધીનગર, તા.૨૩

આજની નવી પેઢીને કોઈ દખલ કરે તે ગમતું નથી. સહનશીલતા નામનું તત્વ ગાયબ થઈ ગયું છે ત્યારે જીવનમાં સુખી થવા સ્વભાવને સરળ બનાવવાનું અત્યંત અનિવાર્ય થયું છે. માણસ મોઢામાં સુગર ફેકટરી અને માથે આઈસ ફેકટરી રાખે તો બધું બલ્લે બલ્લે થઈ જાય. આવી વાત આજે પૂ. તરૂણસાગર મહારાજ સાહેબે તેમના વકતવ્ય દરમિયાન કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આજનો માણસ એસીમાં રહે છે અને દિમાગમાં હીટર રહે છે.




સેકટર-૨૧ સ્થિત જૈન દેરાસરમાં આજે 'કડવે પ્રવચન' દરમિયાન પૂ. તરૂણસાગર મહારાજ સાહેબે તેમના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે સંતની મૂઠીમાં આશીર્વાદ હોય છે. જીવનમાં વ્યકિતએ ત્રણ આર્શીવાદ મેળવવા જરુરી હોય છે. જીવનકાળ દરમિયાન મા, મહાત્મા અને પરમાત્માની કૃપા મેળવવી અનિવાર્ય છે. જીવનમાં ધર્મ, પરમાત્મા અને સત્સંગ હર હંમેશ હોવા જોઈએ. માણસ બેઈમાન છે. માત્ર દુઃખના સમયે તે ભગવાનને યાદ કરે છે. જયારે સુખ દરમિયાન ભાષા અને વિચારો બદલાઈ જાય છે. પરંતુ તે યાદ રાખવું જોઈએ કે જીવનમાં સંપતિ અને સફળતા પુણ્યથી મળે છે. દિવસમાં બે પુણ્ય કર્મ જરુરથી કરવા જોઈએ. ધર્મ એ મંદિર મસ્જિદમાં પૂર્ણ થનારું અનુષ્ઠાન નથી. તેમણે આજના યુગમાં વ્યકિતના સ્વભાવમાં ઘટતી સહનશીલતા અને ગુસ્સાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ગુસ્સો બધાને આવે છે તે ધર્મ નિરપેક્ષ છે. પરંતુ ક્રોધ કર્યા પછી પશ્ચાતાપ થાય છે અને ક્રોધની સાથે જીદ, ઈર્ષા, નિંદા, ચુગલી, વેર, ઝેર અને ઉપેક્ષા સહીતનું તેનું ખાનદાન પણ માણસને હેરાન કરી નાખે છે. જીવનમાં સુખી થવા સ્વભાવને સરળ બનાવવો જરૂરી છે. સરળ સ્વભાવના વ્યકિતને તેમના પડોશી પણ પસંદ કરે છે. પણ આજે સહનશીલતા ગાયબ થઈ ગઈ છે ત્યારે તે યાદ રાખવું જોઈએ 'જો સહેતા હે વહી રહેતા હૈ' આજે માણસ એસીમાં રહે છે પણ તેના દિમાગમાં હીટર રહે છે. ગરમીની મોસમથી દિમાગ ગરમ રહેતું નથી પણ ટેન્શન, તણાવ અને ચિંતા હોય ત્યારે માણસ થર્મોસ જેવો બની જાય છે. માણસે દિવસમાં અડધો કલાક મૌન રાખવું જોઈએ. દુનિયામાં પર્યટકની હેસીયતથી સૌ આવે છે. માણસની હેસીયત એક મુઠી રાખથી વધુ નથી.

# ગાંધીનગર શહેરમાં આગ દુર્ઘટનાનાં બે વિવિધ બનાવો

## સે-૨૧માં ફ્રુટની દુકાનમાં ભભુકેલી આગે અન્ય બે દુકાનોને પણ લપેટમાં લીધી : સિને મેકસ થિયેટરના પ્રોજેકટર રૂમમાં આગ લાગી : સદનસીબે કોઈ જાનહાનિ નહીં

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં બાર કલાકમાં બબ્બે સ્થળે શોર્ટ સર્કીટના કારણે આગ લાગવાના બનાવો બનવા પામ્યા છે. સેકટર-૨૧ શાકમાર્કેટમાં ગત રાત્રિએ ફળોની દુકાનમાં જયારે સેકટર-૧૧માં સ્થિત સિને મેકસ થિયેટરના પ્રોજેકટર રૂમમાં આગ ભભૂકી ઉઠી હતી. સદભાગ્યે ઉપરોકત બંને કિસ્સાઓમાં કોઈ જાનહાની કે ઈજાઓ થવા પામી નથી. બંને સ્થળેથી ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળતાં કાફલાએ સમય સુચકતા દાખવીને આગને કાબુમાં લઈ વધુ નુકશાન થતું અટકાવ્યું હતું. મળતી માહિતી મુજબ શહેરમાં બે સ્થળે લાગેલી આગ પૈકી એક કિસ્સો સેકટર-૨૧ શાક માર્કેટમાં બનવા પામ્યો હતો.

શાકમાર્કેટની દુકાન નં.૧૧માં ફ્રુટનો વેપાર કરતા પ્રવીણ પી. સોલંકીની દુકાને ગત રાત્રિએ એકાએક શોર્ટ સર્કીટથી આગ ભભૂકી ઉઠી હતી. આગ પ્રસરીને બાજુની બે દુકાનો સુધી પણ પહોંચી ગઈ હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને આ અંગે જાણ થતાં ફાયરની ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી અને અન્ય બે દુકાનો પણ આગની લપેટમાં ભુજાઈ ન જાય તે રીતે સમયસુચકતા દાખવીને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. આ આગ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી નથી. જો કે ફ્રુટની દુકાન બળીને ખાખ થઈ જવા પામી છે તો આગના બીજા કિસ્સામાં સેકટર-૧૧ ખાતે સ્થિત સિને મેકસ થિયેટરના પ્રોજેકટર રૂમમાં શોર્ટ સર્કિટની ઘટના સર્જાઈ હતી.

વહેલી સવારે અચાનક થિયેટરનું ફાયર એલાર્મ ધણી ધણી ઉઠતાં સિકયુરીટી ગાર્ડ સહિત મેનેજમેન્ટ દોડતું થઈ ગયું હતું. સિકયુરીટી ગાર્ડે પ્રોજેકટર રૂમનો દરવાજો ખોલતા ધુમાડાના ગોટે ગોટા બહાર આવવા લાગ્યા હતા. પ્રોજેકટર રૂમમાં આગ લાગી હોવાનો કોલ મળતાં જ ફાયર ઓફીસર એમ.આર. મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી અને થિયેટરના જ ફાયર એસ્ટીંગ્યુઝરની મદદથી ફાયરની ટીમે આગને કંટ્રોલ કરી દીધી હતી.

આ ઘટનામાં પણ કોઈને ઈજા કે જાનહાની પહોંચી નથી પરંતુ થિયેટરના પ્રોજેકટ રૂમનું કેમેરાનું યુનિટ ભસ્મીભૂત થઈ ગયું હતું. ઉલ્લેખનીય છે કે થિયેટરમાં લગાડવામાં આવેલા સ્મોક ડીટેકટરને લીધે આગ પહેલા ઉડેલા ધુમાડાથી સમયસર બનાવની જાણ થઈ જતાં મોટી દુર્ઘટના ટળી હતી.



ચિલોડા-દહેગામ રોડ ઉપર મગોડી પાસે ગત રાત્રિએ બે ડમ્પરો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બંને ડમ્પરોના ચાલકના ઘટના સ્થળે કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતા. જેમાં વિષ્ણુભાઈ અમરતભાઈ ઠાકોર (રહે. નવાનગર, દહેગામ) અને અંતોલી ગામના વાસુદેવ સરદારજી સોલંકીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દહેગામના એ.એસ.આઈ. બળદેવભાઈ દેવાભાઈ સોલંકી તથા બે ટ્રાફિક બ્રિગેડના જવાનો સહિત છને ઈજાઓ થવા પામી હતી. ગંભીર રીતે ઘવાયેલા એ.એસ.આઈ. બળદેવભાઈ સોલંકીનું પણ આજે અમદાવાદ ખાતે સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. જેને પગલે પોલીસ બેડામાં શોકનું મોજું ફરી વળ્યું છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'દિવ્ય દર્શનમ્' પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૩

સ્વામિનારાયણ મંદિર, સે-૨૩માં ઉજવાનારા સત્સંગ આરાધના પર્વના ઉપલક્ષ્યમાં તા.૨૩થી તા.૩૦મી ડિસેમ્બર દરમિયાન દિવ્ય દર્શનમ્ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત તા. ૨૩-૧૨-૨૦૧૨ને રવિવાર સવારે ૭.૩૦ વાગ્યે પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીના વરદ હસ્તે ખૂબ જ ધામધૂમપૂર્વક ઉદઘાટન થયું હતું. આ ઉદઘાટન સમારોહમાં લગભગ ૬૫૦ જેટલા હરિભકતો હાજર રહ્યા હતા.

સવારે ૯ થી સાંજના ૬ કલાક દરમિયાન દિવ્ય દર્શનમ્માં પૂલહાશ્રમ કે જયાં મહાત્માભરતજીએ તપશ્ચર્યા કરેલી અને સ્વામિનારાયણ ભગવાને પણ ચાર માસ તપશ્ચર્યા કરેલ હતી તે પૂલહાશ્રમ ધામ, મુકિતનાથ ભગવાન અને ૧૦૮ ગંડક ગંગા ધારાના આબેહુબ દર્શન તથા તપમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીના અલૌકિક દર્શન તથા સોલ ચિન્હ સાથેના શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ યુગલના દર્શન તેમજ કલાત્મક હિંડોળે ઝુલતાં શ્રી હરિના દર્શન થાય છે.

ઉપરાંત મોતીકલા તથા ૧૦૦થી વધુ દેશોના ચલણી સિક્કાની કલાત્મક ગોઠવણી તથા વિવિધ દેશોની પોસ્ટલ સ્ટેમ્પના કલેકશન અને મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવથી અત્યાર સુધીના ૩૫ વર્ષના સફરની ઝાંખી કરાવતું વિડિયો નિદર્શનનો લાભ પ્રાપ્ત થાય છે. ઉપરાંત પ્રતિદિન અવનવી, વિવિધ રંગોળી કળાના દર્શન પણ કરાવવામાં આવે છે.

પહેલાં જ દિવસે ખૂબ જ મોટી સંખ્યામાં ભકતજનો અને ભાવિકોએ દિવ્ય દર્શનમ્ દર્શનનો લાભ લીધો હતો.

# બળાત્કારને બદલે છેડતીનો ગુનો દાખલ કરનાર પીએસઆઈ સસ્પેન્ડ

## ૨૦ દિવસ પહેલાં ૧૨ વર્ષીય બાળકી પર બળાત્કાર થયો હતો : ગુનો દાખલ ન કરતા હોવાની ફરિયાદ રેન્જ આઇજીને કરાતાં તપાસ કરાવી બળાત્કારની કલમનો ઉમેરો કરાવ્યો

ગાંધીનગર, તા. ૨૩

દિલ્હીમાં ચાલુ બસે મેડિકલની વિદ્યાર્થીની પર થયેલા ગેંગ રેપની ચકચારી ઘટનાના પ્રત્યાઘાતો હજુ શમ્યા નથી ત્યાં આ પ્રકારના બળાત્કારના એક કિસ્સામાં ગુનો દાખલ કરવામાં બેદરકારી દાખવવા બદલ ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ મથકના સિનીયર પીએસઆઈ પી એસ પરમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના મેદરા ગામની ૧૨ વર્ષની બાળકી પર ૨૦ દિવસ અગાઉ એણાસણ ગામના શખ્સે બળાત્કાર ગુજાર્યો હતો. જેમાં ડભોડા પોલીસે બળાત્કારના બદલે છેડતીનો ગુનો દાખલ કર્યો હવાની રજૂઆતને પગલે રેન્જ આઈજીએ તપાસ કરાવીને બાળકીનું મેડિકલ ચેક-અપ કરાવ્યા બાદ કોર્ટ હુકમ મેળવીને બળાત્કારની કલમનો ઉમેરો કરાવ્યો હતો અને ગંભીર ગુનો હોવા છતાં દાખલ ન કરનાર પીએસઆઈને સસ્પેન્ડ કરી ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર નજીકના મેદરા ગામની ૧૨ વર્ષીય બાળકી પર ૪થી ડિસેમ્બરના રોજ એણાસણ ગામના શખ્સે બળાત્કાર ગુજાર્યો હતો. ડભોડા પોલીસે આ સંદર્ભે જે તે સમયે બાળકીની છેડતીનો ગુનો દાખલ કર્યો હતો. પરંતુ ડભોડા પોલીસની અસંતોષ જન્માવતી કામગીરીથી કંટાળીને ભોગ બનનાર બાળકીના પરિવારજનોએ ગાંધીનગર રેન્જ આઈટી શમશેરસિંગનો સંપર્ક સાધ્યો હતો. ડભોડા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ ન કરીને માત્ર છેડતીનો ગુનો નોંધ્યો હોવાની ફરિયાદ બાળકીના પરિવારજનોએ રેન્જ આઈજી સમક્ષ કરતાં તેમણે ટીમ મોકલી તપાસ કરાવી હતી. ત્યારબાદ આજે બાળકીનું મેડીકલ ચેક-અપ કરાવીનો કોર્ટ હૂકમ મેળવ્યા બાદ છેડતીની ફરિયાદમાં બળાત્કારની કલમનો ઉમેરો કરાવ્યો છે અને ૧૨ વર્ષની બાળકી પર ગુજારવામાં આવેલા બળાત્કાર જેવા ગંભીર ગુનામાં ૨૦ દિવસ બાદ પણ યોગ્ય ફરિયાદ દાખલ ન કરી બેદરકારી દાખવવા બદલ રેન્જ આઈજીની સૂચનાથી જિલ્લા પોલીસ વડા શરદ સિંઘે આજે ડભોડાના સિનીયર પીએસઆઈ પી એસ પરમારને સસ્પેન્ડ કરવાનો ઓર્ડર જારી કર્યો છે અને તેમના વિરુદ્ધ ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

# રાષ્ટ્રીય ગ્રાહક દિન નિમિત્તે ગાંધીનગર ગ્રાહક સુરક્ષા સમિતિ આઠ દિવસ વિવિધ કાર્યક્રમો યોજશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિના પ્રમુખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તા. ૨૪મી ડિસેમ્બરે રાષ્ટ્રીય ગ્રાહક દિન નિમિત્તે ગાંધીનગરના સેક્ટર ૧૩, ૧૪, ૨૮, ૨૯, ૩૦ અને વાવોલખાતે તા. ૨૪મીથી ૩૧મી ડિસેમ્બર સુધી ગ્રાહક દિનની ઉજવણીના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

આજે રાષ્ટ્રીય ગ્રાહક દિન નિમિત્તે બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે સવારે૧૦-૩૦લ કલાકે મહિલા શિબિર જિલ્લા પુરવઠા અધિકારીના મુખ્ય મહેમાન પદે યોજાશે. ૨૫મી ડિસેમ્બરે લેબર ઇન્સ્ટીટ્યુટ, સેક્ટર-૨૪ ખાતે સાંજે ૬ કલાકે મુખ્ય મહેમાન ચતુરજી ઠાકોરના સાંનિધ્યમાં લોક દરબાર યોજાશે. તા. ૨૬મી ડિસેમ્બરે ઓમકાર વિદ્યાલય અને વસંત માધ્યમિક શાળા, સેક્ટર-૧૩ ખાતે પૂર્વાચાર્ય જયાબેનના મુખ્ય મહેમાન પદે સવારે ૧૧.૩૦ કલાકે ગ્રાહક હિત સુરક્ષા કાર્યક્રમ યોજાશે. તા. ૨૭ ડિસેમ્બરે એ બી મકવાણાના મુખ્ય મહેમાન પદે સવારે ૧૧.૩૦ કલાકે શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા, સેક્ટર-૨૯માં અને તા. ૨૪ ડિસેમ્બરે મુખ્ય મહેમાન અજિતસિંહ રાણા દ્વારા પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સેક્ટર-૩૦ ખાતે તથા તા. ૨૯મી ડિસેમ્બરે સવારે ૯ કલાકે એમ બી પટેલ વિદ્યાલય, વાવોલ ખાતે, ૩૦મીએ સવારે ૧૧ કલાકે સેક્શન અધિકારી આઝાદભાઈ મન્સુરીના મુખ્ય મહેમાનપદે સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા, સેક્ટર-૨૪ ખાતે ગ્રાહક હિત સુરક્ષાના કાર્યક્રમો યોજાશે.

તા. ૩૧મી ડિસેમ્બરે સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યાલય, સેક્ટર-૨૮ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે જિલ્લા પૂરવઠા અધિકારીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ગ્રાહક દિન ઉજવાશે અને જિલ્લા મામલતદાર આ જ દિવસે સંસ્થા ખાતે હાજર રહી ગ્રાહક સપ્તાહની ઉજવણીની પૂર્ણાહુતિ કરશે, એમ પ્રમુખ ચતુરજી ઠાકોર દ્વારા જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૪૫,૩.૩૦, ૬.૧૫, ૯.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
ખેલાડી ૭૮૬ : ૨.૦૦

: સ્ક્રીન-૩ :
દબંગ -૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૪ :
દબંગ -૨ : ૮.૦૦,૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : ભૂલ કરવાથી વિરોધી હવી થઈ શકે છે. સમસ્યાનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ મળશે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : સફળ યાત્રાનો યોગ. પરસ્પર સંબંધોને મહત્વ આપો. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું. દેવાની ચિંતા ઓછી થશે. અનુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચા અથવા યોજના પર ચર્ચા થશે. કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

**સિંહ** : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. યાત્રા થઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો.

**ધન** : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. મિત્રો સહયોગ નહીં કરે. વધુ ખર્ચ ન કરવો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ -કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : સ્ફૂર્તિ અને જોશ રહેશે.પ્રિય વ્યક્તિથી ભેટ થશે. કાર્યોમાં ઉન્નતિ થશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.કોઈ વ્યક્તિગત સમસ્યા ઊભી થઈ શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**કુંભ** : નવી કાર્યયોજનના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે. કુંટુંબમાં શાંતિનું વાતાવરણ રહેશે.

**મીન** : બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. સવિતાબેન કાળાભાઈ વાઘેલા (ઉ.વ.૫૬) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન ગંગાધર નાયક (ઉ.વ.૬૭) પ્લોટ નં. ૨૩૬/૧, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ. બળદેવભાઈ દેવાભાઈ સોલંકી(ઉ.વ.૫૩) બ્લોક નં. ૮૪/૪, છ-ટાઈપ, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. સોનીબેન ચંદુજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ.પો. ફતેહપુરા (પેથાપુર), તા., જિ. ગાંધીનગર.